# ગાંધીનગરમાં ૧,૫૬,૮૨૪ ફોર વ્હીલર અને ૩,૨૧,૭૫૫ ટુ-વ્હીલર

**જિલ્લામાં કુલ ૫,૮૬,૮૧૬ વાહનો નોંધાયેલા છે : થ્રી-વ્હીલર પેસેન્જર ૧૯૯૨૬, થ્રી-વ્હીલર ગુડ્ઝ ૪૨૩૪, ટ્રેક્ટર ૨૪૮૦, એમ્બ્યુલન્સ ૩૦૭૧**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીમાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ નોંધાયેલા વાહનો અંગે કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રી વાહન-વ્યવહારે જણાવ્યું છે કે જિલ્લામાં ૭૦ પ્રકારના કુલ ૫,૮૬,૮૧૬ વાહનો નોંધાયેલા છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે નોંધાયેલા આ વાહનોમાં ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલા વાહનોની સંખ્યા ૪૦,૯૭૨ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ઉક્ત સ્થિતિએ ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલા વાહનો સ્ક્રેપ કરવાની હકીકત સાચી નથી.

ગાંધીનગર જિલ્લામાં મોટરસાઈકલ/સ્કૂટરની સંખ્યા ૩,૨૧,૭૫૫ છે. મોપેડની સંખ્યા ૧૩૦૦૯ છે. મોટરકારની સંખ્યા ૧,૫૬,૮૨૪ છે. એગ્રીકલ્ચર ટ્રેક્ટરની સંખ્યા ૧૨,૮૧૬ છે.

થ્રી વ્હીલર (પેસેન્જર) ૧૯,૯૨૬, થ્રી વ્હીલર (ગુડ્ઝ)ની સંખ્યા ૪૨૩૪ છે. ગુડ્ઝ કેરિયર વાહનોની સંખ્યા ૨૭,૩૮૭ છે. ટ્રેક્ટર (કોમર્શીયલ) ૨૪૮૦ છે. કન્સ્ટ્રક્શન ઈક્વીયપમેન્ટ વ્હીકલ ૧૧૭૩ છે. ૮ રોડ રોલર, ૫ હાર્વેસ્ટર, ૧૮૫૧ ટ્રેલર (એગ્રીકલ્ચર) અર્થયુવીંગ ઈક્વીપમેન્ટ ૧૭૯, એમ્બ્યુલન્સ ૩૦૭૧, એનિમલ એમ્બ્યુલન્સ ૪૫૩, શૈક્ષણિક સંસ્થાની બસો ૧૦, મોટર કેબ ૪૧૬૮, મેક્સી કેબ ૧૫૪૪, ૨૦૮ ઓમ્નીબસ નોંધાયેલા છે. બસ ૧૧૮૦૫ નોંધાયેલ છે.

મંત્રીએ વિગતો આપતાં જણાવ્યુ છે કે મોટરસાયકલ સ્કૂટર જે ૧૫ વર્ષથી વધુ સમયથી નોંધાયેલા છે તેની સંખ્યા ૧૫,૬૭૧ છે. મોટરકારની સંખ્યા ૧૭,૩૧૬, એગ્રી કલ્ચર ટ્રેક્ટર ૧૪૪૭, થ્રી વ્હીલર પેસેન્જરની સંખ્યા ૩૭૮, થ્રી વ્હીલર ગુડ્ઝની સંખ્યા ૪૦૬૧, ઓમ્નીબસ-૨૫, એમ્બ્યુલ્સ ૨૭૯, બસ-૭૬, મેક્સીકબ ૧૫૫ છે જે ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલ છે.

# મનપાની કામગીરી પ્રજાભિમુખ બનાવવા ત્રણ ઝોન કચેરીઓ કાર્યરત કરવા નિર્ણય

**સ્થાયી સમિતિની બેઠકમાં લેવાયા મહત્વાના નિર્ણય**



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની કામગીરીને વધુ પ્રજાભિમુખ બનાવવા માટે મનપા દ્વારા ત્રણ ઝોન કચેરીઓ કાર્યરત કરવામાં આવશે.

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં પૂરવણી એજન્ડામાં મનપાના મહેકમ અંગેની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલે પત્રકારોને જણાવ્યુ હતુ કે ત્રણેય ઝોનના વડા તરીકે નાયબ મ્યુનિ. કમિશનરો રહેશે. તેમના હાથ નીચે મનપાની તમામ શાખાઓ કામ કરશે.

તેમણે જણાવ્યુ હતુ કે જે સ્ટાફપેટર્ન છે તેમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની જે જગ્યાઓ પર ભરતી માટે સરકારની મંજૂરી જરૂરી છે તે અંગેની દરખાસ્તો સરકારને મોકલી અપાશે. મહેકમને લગતી દરખાસ્ત હવે તેની આખરી મંજૂરી માટે આગામી સામાન્ય સભામાં રજુ કરવામાં આવશે અને તે પછી આગળની કાર્યવાહી ઝડપી બનાવવામાં આવશે.

સ્ટાફ પેટર્નને મંજૂરી આપતાં પહેલાં રાજ્યના અન્ય શહેરોની સ્ટાફ પેટર્ન અને ઝોન પ્રથાનો અભ્યાસ કરી પછી નિયત કરવામાં આવી છે તેમ પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં તેમણે સ્વીકાર્યુ હતુ. શહેરની હદ વધી છે અને કામગીરી વધી છે એટલે ઝોન કચેરીઓ શરૂ કરવી જરૂરી બની છે.

મળતી વિગતો પ્રમાણે વર્ગ-૧ની ૧૬ જગ્યાઓ નવી પેટર્નમાં છે જે પૈકી ૮ જગ્યાઓ મંજૂર થઈ છે અને ૮ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવશે. વર્ગ-૨ ની કુલ ૮૬ જગ્યાઓ નવી પેટર્નમાં છે અને હાલ ૪૧ મંજૂર થયેલી છે એટલે ૪૫ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવશે. વર્ગ-૩ ની ૮૫૮ જગ્યાઓ નવી પેટર્નમાં છે જે પૈકી ૩૫૯ જગ્યાઓ મંજૂર થયેલી છે અને ૪૯૯ જગ્યાઓ નવી ઉભી કરવામાં આવશે.

વર્ગ-૪માં ફાયરમેન અને સ્વીપર કમ ક્લીનર ઉપરાંત સેવક સહિતની ૪૩૮ જગ્યાઓ છે.

મનપાની સ્થાયી સમિતિએ આજે ટાઉનપ્લાનર, જુનિ.ટા. પ્લાનર, પ્લાનીંગ આસિટન્ટ તેમજ સર્વેયરની ભરતી-બઢતીના નિયમોને પણ મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત મનપાની કચેરીના બાયોલોજીસ્ટ વર્ગ-૨ની ભરતીના નિયમોમાં શૈક્ષણિક લાયકાતમાં સુધારા કરવાની બાબતને પણ સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ મંજૂરી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર હવે ઉત્તર-મધ્ય અને દક્ષિણ ઝોનમાં વહેંચાશે

**ઝોન નિયત કરતા પહેલાં ભૌગોલિક સરળતા, વિસ્તાર, વિકાસ અને વસ્તી સહિતના પાસા ધ્યાને લેવાયા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાને હવે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ઝોનમાં વહેંચી કામગીરીને પ્રજાભિમુખ બનાવવાનો મહત્વનો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ઉત્તર ઝોનમાં વોર્ડ નં. ૧, ૨, ૩ અને ૭ ને સમાવવામાં આવ્યા છે. જેનો કુલ વિસ્તાર ૭૧.૧૦ સ્કેવર કિ.મી. થાય છે. આ વિસ્તારમાં વસ્તીનું ભારણ ૧,૦૮,૯૫૮ થશે.

મધ્ય ઝોનમાં વોર્ડ નં. ૪, ૫, અને ૬ ને સમાવવામાં આવ્યા છે. જેનો કુલ વિસ્તાર ૪૦.૫૬ સ્કે. કિ.મી. થાય છે અને ૯૩,૮૫૯ વસ્તીનું ભારણ થાય છે.

દક્ષિણ ઝોનમાં વોર્ડ નં. ૮, ૯, ૧૦, ૧૧ ને આવરી લેવામાં આવેલ છે. જેનો વિસ્તાર ૮૩.૯૦ સ્કેવર કિ.મી. થાય છે. આ ઝોનમાં વસ્તીનું ભારણ ૧,૨૧,૬૬૯ જેટલુ થાય છે.

વોર્ડ નં. ૮, ૯, ૧૦, ૧૧ એમ ચાર વોર્ડનો વિસ્તાર મોટો છે અને એટલે અહિ વસ્તીનું ભારણ પણ વધુ છે તેમજ ઝડપથી વિકાસ પામી રહેલ વિસ્તાર છે. દક્ષિણ ઝોન એ શહેરનો સૌથી મોટો ઝોન બનશે. શહેરના ઝોનીંગમાં વિસ્તાર, વિકાસ, વસ્તીનું ભારણ સહિતની ઘણી બધી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવી છે. વિસ્તાર વસ્તીની દૃષ્ટિએ આ ઝોન સૌથી મોટો બનશે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ઝોન કચેરીઓ મનપાનો સ્થાપના દિવસ ૧લી મે થી અમલી બનાવવા માટેની સક્રિય વિચારણા ચાલી રહી છે એટલુ જ નહિ તેને ધ્યાને રાખી આનુસંગિક કામગીરીઓ પણ વેગીલી બનાવવામાં આવી છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના રહીશોને ગાંધીનગર મનપા સુધીનો ધક્કો ના થાય તેનું ધ્યાન પણ રાખવામાં આવ્યું છે. ભૌગોલિક સાનુકૂળતાઓની સાથે સાથે ઝડપી અને પારદર્શક સેવાઓના અભિગમ સાથે તંત્ર આગળ વધવા માગે છે તેવા સંકેતો મળી રહ્યા છે.

# જુના સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી ફોર્સથી ન આવતા આક્રોશ

**નભોઇ પમ્પીંગ સ્ટેશનમાં ઇલેક્ટ્રીક ફોલ્ટ થયો હતો જો કે ગરમીમાં વપરાશ વધતા પમ્પીંગ સ્ટેશન પર વધારાનો પમ્પ કાર્યરત કરવા પાવરલોડ વધારવા પણ દરખાસ્ત કરાઇ**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધ્યો છે. જયારે શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા પ્રતિદિન ૬૦ થી ૬૫ એમ એલ ડી પાણીનો સપ્લાય કરવામાં આવે છે. જયારે છેલ્લા ત્રણ દિવસથી નગરના જુના સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જયારે નભોઇ પમ્પીંગ સ્ટેશન પર ઈલેકટ્રીક ફોલ્ટ થતા આ પ્રશ્ન ઉઠવા પામ્યો છે.જયારે ઉનાળામાં પાણીના વધતા વપરાશ વચ્ચે નભોઈ સ્ટેશન પર નવો પમ્પ કાર્યરત કરવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. આ સ્થિતિ વચ્ચે હાલ ચરેડી પમ્પીંગમાં સમયસર પાણીનો સપ્લાય પહોંચતો નથી જેથી સમયસર લાઇનમાં પાણી સપ્લાય ન થતા સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ સમસ્યાને નિવારવા માટે નભોઈ પમ્પીંગ સ્ટેશન પર વધુ એક પમ્પ કાર્યરત કરવા માટે પાવરલોડ વધારવા પણ તંત્રએ યુ જી વી સી એલને દરખાસ્ત કરી છે.

ગાંધીનગરના જુના સેકટરોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પાણીની પોકાર ઉઠવા પામી છે. ગુજરાત પાણી પુરવઠા વ્યવસ્થાપન બોર્ડ દ્વારા અપાતા સપ્લાયના અંતે ચરેડી પમ્પીંગ સ્ટેશનના સંપ ભરાતા નથી. નભોઈ પમ્પીંગ સ્ટેશનમાં ઈલેકટ્રીક ફોલ્ટ આવતા છેલ્લા ત્રણ ચાર દિવસથી સપ્લાય પણ પ્રભાવિત થયો છે. જયારે ઉનાળાની ગરમીની સિઝનમાં પાણીનો વપરાશ વધ્યો છે. ત્યારે ચરેડી પમ્પીંગ સુધી સમયસર અને પુરતુ પાણી પહોંચાડવા માટે પણ નભોઈમાં બે પમ્પની સાથે ત્રીજો

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં કોરોનાના નવા કુલ ૨૬ કેસ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં દિવસેને દિવસે કોરોના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. પરંતુ ગઈકાલની સરખામણીએ આજે થોડો વધારો નોંધાયો છે. આજે કોરોનાના ૨૬ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૦ દર્દીઓ રિકવર પણ થઈ ચુક્યાં છે.

# આજથી રાજ્યમાં હીટવેવ : યલો એલર્ટ જાહેર

ગાંધીનગર, તા.૨૪

માર્ચની શરુઆતમાં રેકોર્ડ તોડ્યા બાદ ગરમી ઓછી થતા લોકો રાહત અનુભવી રહ્યા છે. પરંતુ હવે શુક્રવારથી ચાર દિવસ માટે યલો એલર્ટ સાથે હીટવેવ રહેવાની આગાહી કરવામાં આવી છે. ફરી એકવાર ગરમીનું પ્રમાણ વધતા ગરમીનો પારો ૪૦ને પાર જવાની પ્રબળ શક્યતાઓ છે. આ સાથે લૂ લાગવાથી બચવા માટેના ઉપાયો કરવા માટે પણ હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. આજે રાજ્યમાં લઘુત્તમ તપામાન ૨૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું છે. અમદાવાદ સહિત રાજ્યના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છમાં હીટવેવ રહેવ રહેવાની આગાહી કરવામાં આવી છે.

તારીખ ૨૫થી ૨૮ માર્ચ દરમિયાન યલો એલર્ટ આપવામાં આવ્યું છે, આ દરમિયાન બપોરના સમયે આકરી ગરમીનો અનુભવ થશે અને હીટવેવ રહેશે. આવતીકાલે રાજ્યના સૌરાષ્ટ્રના ગીર સોમનાથ અને કચ્છ હીટવેવની અસર રહેશે. જે બાદ શનિવારે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ સહિત સૌરાષ્ટ્રના ભાવનગર, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ અને કચ્છ તથા દીવમાં હીટવેવ અનુભવાશે.

ચોથા દિવસે એટલે કે ૨૭ માર્ચના રોજ અમદાવાદ અને

● અનુસંધાન પાન-૭ પર

# બાંધકામની ચીજવસ્તુઓના ભાવવધારાથી હવે મકાન કે ફ્લેટ ખરીદવાનુ વધુ મોંઘુ બનશે

**બિલ્ડીંગ મટીરીયલ્સના ભાવ વધારાની અસરથી બિલ્ડર લોબી પ્રભાવિત : શહેર તેમજ આસપાસના વિસ્તારમાં પણ બે બેડરૂમ હોલ કીચનના ફ્લેટ કે મકાનની કીંમતમાં પણ અંદાજિત ૫ લાખનો વધારો થશે : સિમેન્ટ સ્ટીલ, લોખંડ, એલ્યુમિનિયમ, પીવીસી, ગ્લાસ સહીતની ચીજવસ્તુઓના ભાવમાં ૩૦ થી ૫૦ ટકાનો ભાવ વધારો થતા બિલ્ડરોના મકાનોની પ્રોડકશન કોસ્ટ પણ ઉંચી જશે : લેબર વર્ક માટે પણ રૂ ૭૦૦ થી વધીને ૧ હજાર ચુકવવા પડે છે**

ગાંધીનગર તા ૨૪

સિમેન્ટ , સ્ટીલ , ગ્રીટ કપચી , વાયર , એલ્યુમિનિયમ સહીતની તમામ ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. છેલ્લા કેટલાક સમયથી બાંધકામ ક્ષેત્રે ઉપયોગમાં લેવાતી આ ચીજવસ્તુઓના ભાવમાં ટકાનો વધારો થતા બિલ્ડરો માટે મોટી સમસ્યા ઉભી થઈ છે. એકબાજુ ઘરનુ ઘર ખરીદવાનુ આમ પણ મુશ્કેલ બન્યુ છે. ત્યારે કોરોના કાળના અંતે ધીમે ધીમે ઉભા થતા બાંધકામ ક્ષેત્રને વધુ એક લપડાક સહન કરવાનો વારો આવ્યો છે. બિલ્ડરોએ એક પ્રોજેકટ તૈયાર કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. જયારે કારમી મોંઘવારીના લીધે આમ નાગરિકોના ઘરનુ બજેટ પણ ખોરવાયુ છે. ત્યારે વેપાર ધંધા પણ વિશેષ રીતે પ્રભાવિત છે. બાંધકામના ક્ષેત્રમાં વિવિધ ચીજવસ્તુઓના ભાવમાં ૩૦ થી ૩૫ ટકાનો ભાવ વધારો થયો છે જેના લીધે હવે ગાંધીનગરમાં પણ ફ્લેટ કે મકાનની કીંમતમાં વધારો થશે. આગામી દિવસોમાં નવા ફ્લેટ કે મકાન ખરીદનારે ૩૦ ટકા જેટલો ભાવ વધારો ચુકવવો પડશે. બાંધકામની કીંમતમાં પણ પ્રતિવાર અંદાજિત રૂ ૫ હજારનો ભાવ વધારો થશે જેથી આ મુજબ નવુ મકાન ખરીદવાનુ વધુ મોંઘુ થશે. આ મામલે નગરના જાણીતા બિલ્ડરોએ પણ તેમનો મત વ્યકત કર્યો છે.



સિમેન્ટ, લોખંડ, ગ્રીટ, કપચી ચીજ વસ્તુઓના ભાવ બમણાં થયા છે. સ્ટીલ અગાઉ રૂ ૪૦ પ્રતિકિલો હતો જે હાલ ૮૨ રૂપિયા છે. જયારે સિમેન્ટના ભાવ થેલી દીઠ રૂ ૨૬૦ હતો જેના ભાવમાં પણ નોંધપાત્ર વધારો થતા હવે રૂ ૩૬૦ સુધી પહોંચી ગયો છે. આમ બાંધકામની સઘળી ચીજવસ્તુઓના ભાવમાં અંદાજિત બમણો વધારો થયો છે જેના લીધે બાંધકામ ક્ષેત્રની પ્રવૃતિ પ્રભાવિત છે. બાંધકામમાં ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓમાં થયેલા ભાવ વધારાના લીધે મકાન ખરીદનાર આમ નાગરિકો પણ પ્રભાવિત થશે. હવે ફ્લેટની કીંમત રૂ ૩૦ હજાર વારના બદલે ૩૫ હજાર વાર સુધી પહોંચી ગઈ છે. તે રીતે જોવા જઈએ તો બે બેડરૂમ હોલ કીચનનો ફ્લેટની કીંમત રૂ ૫ લાખ જેટલી વધી જશે. જેનો બોજ આમ નાગરિકો પર પડશે.

**સુરેશ પટેલ પ્રમુખ બિલ્ડર એસોસિએશન**



બિલ્ડીંગ મટીરીયલ્સની વસ્તુઓમાં ભાવ વધારો ઝીંકાયો છે. જેમાં સિમેન્ટ લોખંડ અને સ્ટીલ સહીતની ચીજવસ્તુઓમાં ૩૦ થી ૫૦ ટકા જેટલો ભાવ વધારો થયો છે. આ સ્થિતિ વચ્ચે બિલ્ડીંગના નિર્માણની કીંમત પણ નોંધપાત્ર વધી છે. જેના લીધે મકાન કે ફલેટની સ્કીમમાં પણ પ્રતિયુનિટ અંદાજિત ૨૦ થી ૨૫ ટકાનો ભાવ વધશે. જુના ભાવ મુજબ હવે ફ્લેટ કે મકાન સેલ કરવાનુ બિલ્ડરોને પોષાય તેમ નથી. બાંધકામ ક્ષેત્રે ઉપયોગમાં લેવાતી સિમેન્ટ લોખંડ અને સ્ટીલ સહીત એલ્યુમિનિયમ ,વાયર સહીત ગ્લાસના ભાવમાંપણ વધારો થયો છે જેના લીધે સ્વાભાવિક રીતે જ ભાવ વધે તે પણ સહજ છે. પરંતુ આ ભાવવધારાની અસર વચ્ચે મકાન ખરીદવાનુ હવે અગાઉ કરતા મોંઘુ થશે તે વાત ચોક્કસ છે.

**અમિત પટેલ, બિલ્ડર**



બાંધકામમાં ઉપયોગમાં લેવાતી તમામ વસ્તુઓના ભાવ વધી ગયા છે. જેના લીધે બાંધકામની કીંમતમાં પણ અંદાજિત ૪૫ ટકા જેટલો વધારો થયો છે. જેના લીધે હવે ફ્લેટ , મકાન કે કોર્મશિયલ કોમ્પલેક્ષમાં વેચાણ કીંમત પણ ૨૦ થી ૨૫ ટકા ઉંચકાશે. અગાઉની સાપેક્ષમાં પ્રતિવારનો ભાવ રૂ ૩૦ હજાર હતો જે હવે રૂ ૩૫ હજાર સુધી પહોંચી ગયો છે. સ્ટીલ અને પી વી સી પાઈપના ભાવમાં તોતિંગ વધારો થયો છે. જયારે પી વી સી પાઈપનો ભાવ ૧૦૨ ટકા સુધી વધ્યો છે. જયારે હવે લેબર પણ વધી ગઈ છે. અલબત્ત રૂ ૭૦૦ ના બદલે હવે મજુરી પણ રૂ ૧ હજાર સુધી ચુકવવાની થાય છે જેથી આ ભાવવધારાની અસર વેચાણ સમયે પણ વર્તાય તે સ્વાભાવિક છે જેથી મકાન કે ફ્લેટની કીંમત પણ અંદાજિત પ્રતિયુનિટ રૂ ૫ લાખ જેટલી ઉંચી જશે.

**ઋષિકેશ ભટ્ટ, બિલ્ડર**



હાલ મોંઘવારીની અસર દરેક ક્ષેત્રમાં વર્તાઈ રહી છે જયારે બાંધકામ ક્ષેત્ર પણ વિશેષ રીતે આ મામલે પ્રભાવિત છે. આવા સંજોગોમાં સ્ટીલ, સિમેન્ટ , લોખંડ અને એલ્યુમિનિયમના આકરા ભાવવધારાએ બાંધકામ ક્ષેત્રને ઉંડી અસર કરી છે. આ સ્થિતિ વચ્ચે આગામી દિવસોમાં આમ નાગરિકો માટે મકાન ખરીદવાનુ વધુ મોંઘુ બનશે. વિકાસની હરણફાળ ભરતા ગાંધીનગરમાં આમ પણ મકાનોની કીંમત વધી રહી છે. ત્યારે બાંધકામની આ ચીજવસ્તુઓના ભાવવધારાના લીધે બિલ્ડરોની પ્રોડકશન કોસ્ટ પણ વધતા હવે મકાનની કીંમતમાં અંદાજિત ૨૦ થી ૩૦ ટકાનો વધારો થશે.

**રાકેશ પટેલ, બિલ્ડર**



સિમેન્ટ લોખંડ , ગ્રીટ કપચી સહીતની બાંધકામમાં ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓમાં તોતિંગ ભાવ વધારો થયો છે. અંદાજિત ૩૫ ટકાનો ભાવ વધારો થયો છે. જેના લીધે બાંધકામમાં પ્રતિ સ્કવેર ફુટ રૂ ૫૦૦ નો બાંધકામનો ભાવ વધે તેવી સ્થિતિ છે. બિલ્ડરોએ પ્રોજેકટમાં મોટુ આર્થિક રોકાણ કર્યુ હોય છે જયારે જુના બુકીંગમાં ભાવ પણ વધારા પહેલાનો ગણાય તેવી સ્થિતિ વચ્ચે હાલ ચીજવસ્તુઓના ભાવ વધતા ફલેટ કે મકાનની પ્રોડકશન કોસ્ટ ઉંચી જશે જેથી બિલ્ડરોએ નુકશાની પણ વેઠવી પડશે. જયારે નવા ફ્લેટ કે મકાનની ખરીદીમાં ગ્રાહકો માથે પણ ૩૦ ટકા જેટલો ભાવ વધારો તોળાશે.

**તુષાર પ્રજાપતિ, બિલ્ડર**



સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં વિકાસના નવા આયામો વચ્ચે બાંધકામની પ્રવૃતિ વેગવાન બની છે. જયારે ન્યુ ગાંધીનગર પણ વિકાસની રાહે છે ત્યારે બાંધકામની ચીજવસ્તુઓના ભાવ આસમાનને આંબ્યા છે. સિમેન્ટ ,સ્ટીલ લોખંડ, એલ્યુમિનિયમ,ગ્લાસ સહીતની વસ્તુઓના ભાવમાં નોધપાત્ર વધારો થયો છે. જેથી બિલ્ડરો માટે પણ નવા બિલ્ડીંગના નિર્માણમાં તગડો ખર્ચ કરવો પડે છે. આવા સંજોગોમાં બજારમાં નવા મકાન કે ફ્લેટ સહીત કોર્મશિયલ દુકાનો સહીતના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ચીજવસ્તુઓના ભાવ વધારાના લીધે આમ નાગરિકો કે મકાન કે ફ્લેટ ખરીદવા માટે ૨૦ થી ૩૦ ટકા સુધી ઉંચી કીંમત ચુકવવી પડશે. જો કે બાંધકામની વસ્તુઓના ભાવ જ વધતા આ મામલે બિલ્ડરો પાસે અન્ય કોઈ વિકલ્પ પણ નથી.

**તિર્થ પટેલ, બિલ્ડર**

# માનવ કલ્યાણ યોજના અંતર્ગત ૯૮૬ અરજીઓ મંજૂર કરી

**૨૭ પ્રકારના ટૂલ કીટ્સ આપવામાં આવ્યા છે**



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

● **માનવ કલ્યાણ યોજના**

મણિનગરના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કુટિર ઉદ્યોગ મંત્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ કુલ ૨૧૮૬ અરજીઓ મળી હતી.

જે પૈકી ૯૮૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. તા. ૧-૧-૨૦થી ૩૧-૧૨-૨૦ સુધીમાં મળેલ ૯૩૩ અરજીઓમાંથી ૪૯૩ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. જ્યારે ૧-૧-૨૧થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન મળેલ ૧૨૫૩ અરજીઓમાંથી ૪૯૩ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ૨૭ પ્રકારની ટૂલ કીટ મંજૂર કરવામાં આવી હોવાનું પણ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવવામાં આવ્યુ છે.

● **ઔદ્યોગિક એકમોમાં આગ**

બાપુનગરના ધારાસભ્ય હિંમતસિંહ પટેલે જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનેલ આગની ઘટનાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે તા. ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન અને ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન પાંચ ઘટનાઓ બની છે.

આ આગ લાગવાના કારણો શોર્ટ સરકીટ, અચાનક સ્પાર્ક, સ્ટેટીક ચાર્જ, હોટ ઓઈલ સ્પ્લેસીંગ વગેરે કારણો મુખ્યત્વે જણાયા છે.

● **જિલ્લામાં રસ્તાની કામગીરી અંગે ફરિયાદો**

કોંગીના ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં રસ્તાની કામગીરી અંગે ફરિયાદો કોલવડા-ધણાસણા રોડ, શેરીસાથી સબાસપુર રોડ, જેઠલજથી નાસ્મેદ રોડની કામગીરીમાં હલકી ગુણવત્તાનો માલ સામાન વપરાયા અંગેની ફરિયાદો અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીએ જણાવ્યુ છે કે અધિક્ષક ઈજનેર પંચાયત (મા.મ.) વર્તુળને આ તપાસ સોંપવામાં આવેલ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ તપાસ અહેવાલ સરકારને મળેલ છે.

અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે સપાટીને નુકશાન તથા રોડ ફર્નીશીંગ તથા સાઈડ સોલ્ડર્સ તેમજ નાળાના કામોમાં ખામી જણાયેલ છે.

કોલવડા-ધમાસણા રોડમાં નાણાંકીય વસુલાત કરવામાં આવેલ છે. તેમજ શેરીસા સબાસપુર અને જેઠલજ નાસ્મેદ રોડ કામમાં ઈજારદારના ખર્ચે જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે.

● **શહેરના રસ્તાને માર્કિંગ કરવા બાબતે**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર શહેરના ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ 'ખ' રોડ પર ગતિ અવરોધક બમ્પ પર સફેદ કલરથી માર્કિંગ કરવામાં આવેલ નથી તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગમંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ રિસર્ફીંગ લીંગની કામગીરી પ્રગતિમાં હતી અને તે પૂર્ણ થયા બાદ ૩૦-૧-૨૨ના માર્કિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

# રાંદેસણની મહિલાને કોરોના પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૪

એક દિવસ બાદ ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો કોઈ કેસ છેલ્લા એક સપ્તાહથી નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં આજે રાંદેસણ ગામની ૬૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે ૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જે પૈકી ત્રણ દર્દી હોમ આઈસોલેશનમાં અને એક દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં એક પણ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ નથી. જિલ્લામાં રિકવરી રેટ ૯૭ ટકાને પાર થઈ ગયો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com